

## જન્મદિનેવધામણી


કુંવરજીભાઈ પટેલ
પ્રમુખ, સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સમાજ, ગાંધીનગર
મો. ૯૯૨૪૮ ૫૦૬૧૧


નારણભાઈ પ્રજાપતિ
મો. ૯૪૨૭૩ ૦૩૧૪૧


નીરૂ મૂળજીભાઈ પરમાર
મો. ૯૮૨૪૨ ૩૬૮૯૩


પ્રવીણકુમાર શ્રીમાળી
મો. ૮૭૫૮૪ ૦૯૨૦૫


મુન્નીબેન શૈલેન્દ્ર ઠાકોર
મો. ૯૯૨૪૭ ૮૩૩૪૨


યાના પટેલ


વિહાબેન મૌલિકભાઈ પટેલ
મો. ૯૯૨૫૩ ૮૧૫૯૬


હિદય રાજા ચક્રવર્તી
મો. ૭૦૯૯૯ ૬૮૮૫૪


હિમાંશુ પટેલ


ભાવિક પ્રજાપતિ


જયસિંહ વાઘેલા


આરઝૂ પટેલ


હિરલ દાવડા


લખન ઠક્કર

ચાલુ વર્ષે લેવામાં આવેલી નીટની પરીક્ષામાં સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શેઠ સી એમ હાઈસ્કૂલ એન્ડ હાયર સેકન્ડરી સ્કૂલના ૬ વિદ્યાર્થીઓએ સફળતા પ્રાપ્ત કરી છે. આ વિદ્યાર્થીઓએ ૪૦૦થી વધુ ગુણ મેળવીને તબીબી ક્ષેત્રે પ્રવેશ મેળવવા તરફ ગતિ કરી છે. લખન ઠક્કર, હિરલ દાવડા, હિમાંશુ બારોટ, જયસિંહ વાઘેલા, ભાવિન પ્રજાપતિ, આરજુ પટેલને શાળા પરિવાર દ્વારા બિરદાવી અભિનંદન સહ શુભકામનાઓ પાઠવવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે શેઠ સી એમ હાઈસ્કૂલના ૧૧ વિદ્યાર્થીઓએ

# આદર્શ નિવાસી કન્યા શાળામાં પ્રવેશોત્સવની ઉજવણી કરાઈ





ગાંધીનગર, તા. ૩૦

આદર્શ નિવાસી શાળા (અજા) કન્યા, સેક્ટર-૮ ખાતે તાજેતરમાં પ્રવેશોત્સવની ઉજવણી કરવામાં આવી હતી.

અનુ. જાતિ કલ્યાણ નાયબ નિયામક નયનાબેન શ્રીમાળીના હસ્તે દીપ પ્રાગટ્ય બાદ ઉપસ્થિત અતિથિઓનું પુસ્તકથી સ્વાગત કરવામાં આવ્યું હતું. સ્વાગત પ્રવચન આચાર્ય કુસુમબેનચૌહાણ દ્વારા આપવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ધોરણ-૧૨ની પરીક્ષામાં શાળામાં પ્રથમ ક્રમ મેળવનાર ગાયત્રી શિવાભાઈ મકવાણા અને ધોરણ-૧૦ની પરીક્ષામાં શાળામાં પ્રથમ ક્રમ મેળવનાર સ્નેહા વિનોદભાઈ જાદવને સ્મૃતિચિહ્ન આપીને સન્માનમાં આવ્યા હતા.

વર્ષભર અનેક સર્જનાત્મક કાર્યક્રમોમાં સ્કૂલની સાથી બનનાર રોટરી ક્લબ પણ આ ઉપક્રમમાં પણ સ્કૂલની સહભાગી થઈ હતી. આ બદલ રોટરી ક્લબનું પણ સન્માન કરવામાં આવ્યું હતું.

શાળાની વિદ્યાર્થીની ઈલા સોનારા, હિરલ ડાભી, નીકિતા પરમાર, વર્ષા સેનવા, કવિતા પરમાર તથા સુમન પરમાર દ્વારા અનુક્રમે સ્વચ્છતા અભિયાન, જળ એ જ જીવન, બેટી બચાવો-બેટી પઢાવો, વૃક્ષો વાવો તથા યોગ ભગાવે રોગ વિષયે વક્તવ્યો આપ્યાં હતાં. ધોરણ-૧૦ની વિદ્યાર્થીની ગૂંજન લેઉવા અને ટીમ દ્વારા યોગાસનોની સુંદર પ્રસ્તુતિ કરવામાં આવી હતી.

ધોરણ-૯માં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીનીઓને શૈક્ષણિક કિટની ભેટ ધરવામાં આવી હતી.

કાર્યક્રમના અંતે આભારવિધિ તૃપ્તિ સોનારાએ કરી હતી. કાર્યક્રમ સંચાલન અમિતાબેનના માર્ગદર્શન હેઠળ ભારતી વાઘેલા, મિતલ પરમાર અને પાર્વતી રોહિત દ્વારા કરવામાં આવ્યું હતું.

# જીઆઈપીએસ ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમ






ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલ ખાતે તાજેતરમાં વૃક્ષારોપણ કાર્યક્રમની ઉજવણી કરવામાં આવી હતી. શાળા પરિવારનાં બાળકોએ આ પ્રસંગે વૃક્ષોનું મહત્ત્વ દર્શાવતું ગીત પ્રસ્તુત કર્યું હતું. વૃક્ષો પ્રત્યે જાગૃતિ કેળવાય તે માટે શાળાના ડિરેક્ટરે વૃક્ષ વાવી વિદ્યાર્થીઓને વૃક્ષારોપણ માટે પ્રોત્સાહિત કર્યા હતા. શિક્ષકોએ પણ ઉપયોગી વૃક્ષોનું વાવેતર કર્યું હતું.

## જન્મદિનેવધામણી


કેશવગીરી ગોસ્વામી
મો. ૯૪૨૬૫૯૨૩૮૯


ધ્રુવ શૈલેષેન્દ્રસિંહ ઠાકોર

# શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા વૃધ્ધો-વિદ્યાર્થીઓ માટે સેવાકાર્ય





ગાંધીનગરની સેવા સંસ્થા શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા ગોઢ ગામમાં પાંચ ગામોનાં ૬૫ વૃધ્ધોને ૩ કિગ્રા ચોખા, બિસ્કીટ તથા જાપ કરવા માટેની માળાનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત જેસીંગપુરમાં ૪૯ વૃધ્ધોને ૩ કિગ્રા ચોખા અને બિસ્કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ માટે બિસ્કીટનું સૌજન્ય બજરંગ કિરાણા સ્ટોર, સેક્ટર-૨૧ તરફથી પ્રાપ્ત થયું હતું. છાત્રેશ્વરી અને ગોઢ પ્રાથમિક શાળાના તમામ વિદ્યાર્થીઓને નાસ્તો પણ કરાવવામાં આવ્યો હતો. ઉમેશભાઈ ઓઝા, યોગેશભાઈ તથા મિલિન્દ ગુપ્તે આ સેવાકાર્યોમાં જોડાયા હતા.

# પ્રેરણા વિદ્યાલય ખાતે મલેરિયા અંગે જાગૃતિનો કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૩૦

સેક્ટર-૫ એ ખાતે કાર્યરત પ્રેરણા વિદ્યાલયમાં મહાનગર પાલિકાના વિક્રમસિંહ હિંમતસિંહ વાઘેલા તથા તેમની ટીમ દ્વારા મેલેરિયા મુક્ત ગુજરાત-૨૦૨૨ અંગે જનજાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમ અંતર્ગત વિદ્યાર્થીઓના મેલેરિયા અંગેની તલસ્પર્શી માહિતી આપવામાં આવી હતી. મચ્છર કેવી જગ્યાએ ઉત્પન્ન થાય છે અને કેટલા પ્રકારના હોય છે તથા તેના નિવારણ માટે કેવી સાવચેતી રાખવી જોઈએ એ અંગેની સઘળી વિગતો કાર્યક્રમ અંતર્ગત વિદ્યાર્થીઓએ પ્રાપ્ત કરી હતી. નાનકડી બેદરકારી મોટા રોગને આમંત્રણ આપે છે એટલે સાવચેતી અને જાણકારી એ જ બચાવે છે એવી સલાહ વિદ્યાર્થીઓને આપવામાં આવી હતી.

શાળાના ટ્રસ્ટી પ્રદીપસિંહ બિહોલાએ પણ વિદ્યાર્થીઓને નાની-નાની સાવચેતી રાખી મોટા-મોટા રોગોથી બચવા માટે સલાહ આપી હતી. વિદ્યાલયના આચાર્ય મનીષભાઈ ખત્રી દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી.

**જન્મદિનો વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મ-દિવસ હોય તેના અગાઉના દિવસો એક વાગ્યા સુધીમાં અખબારનો મળી જાય.**

**- સંપાદક**

## ડેઈલી કરંટ

દર્શન મારૂ

95862 87447

(૧) યુપીએના રાષ્ટ્રપતિ પદના ઉમેદવાર મીરા કુમાર કયાંથી ચૂંટણી પ્રચારનાં શ્રીગણેશ કરી રહ્યાં છે?
(એ) દિલ્હી
(બી) મુંબઈ
**(સી) ગાંધી આશ્રમ**
(ડી) વિજ્ઞાન ભવન

(૨) સરકારે પાન કાર્ડ અરજી કરનાર લોકો માટે કયો પુરાવો ફરજિયાત બનાવ્યો છે?
(એ) પાસબુક
(બી) પાસપોર્ટ
(સી) ડ્રાઈવિંગ લાયસન્સ
**(ડી) આધાર કાર્ડ**

(૩) વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પોતાના અમેરિકાના પ્રવાસ દરમિયાન અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પને કોની ટપાલ ટિકીટ ભેટ આપી હતી?
(એ) માર્ટિન લ્યુથર કિંગ
(બી) જ્યોર્જ બુશ
**(સી) અબ્રાહમ લિંકન**
(ડી) જ્યોર્જ વોશિંગ્ટન

(૪) લોઢા સમિતિ દ્વારા કરાયેલી ભલામણોના અમલ માટે બીસીસીઆઈએ કેટલાસભ્યોને નવી સમિતિ બનાવી છે?
(એ) ૫ (બી) ૬
**(સી) ૭** (ડી) ૮

(૫) તાજેતરમાં લોઢા સમિતિની ભલામણોના અમલ માટે રચાયેલી બીસીસીઆઈની સાત સભ્યોની સમિતિમાં કયા પૂર્વ ક્રિકેટરનો સમાવેશ કરાયો છે?
(એ) સચિન તેંદુલકર
(બી) રાહુલ દ્રવિડ
**(સી) સૌરવ ગાંગુલી**
(ડી) સુનિલ ગાવસ્કર

(૬) ભારતમાં જીએસટીનો અમલ ક્યારથી થવાનો છે?
**(એ) ૧ જુલાઈ**
(બી) ૧ જૂન
(સી) ૧ ઓગષ્ટ
(ડી) ૧ નવેમ્બર

(૭) મુંબઈ, ૧૯૯૩ના બ્લાસ્ટના માસ્ટર માઈન્ડ એવા કયા આરોપીનું નિધન થવા પામ્યું હતું?
(એ) મુસ્તફા કાઝી
**(બી) મુસ્તફા ડોસા**
(સી) મુસ્તફા સઈદ
(ડી) મુસ્તફા સૈયદ

(૮) તાજેતરમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વિદેશ પ્રવાસ દરમિયાન કયા દેશના વડાપ્રધાને સાઈકલ ભેટ આપી હતી?
(એ) અમેરિકા
(બી) ફ્રાન્સ
(સી) ઈઝરાયલ
**(ડી) નેધરલેન્ડ**

(૯) ગુજરાતના રાજકોટમાં એકસાથે કેટલા મૂક-બધિરોએ સાઈન લેંગ્વેજથી રાષ્ટ્રગીત ગાઈ નવો વર્લ્ડ રેકર્ડ સર્જ્યો છે?
**(એ) ૧૪૪૨**
(બી) ૧૪૪૩
(સી) ૧૪૪૪
(ડી) ૧૪૪૫

(૧૦) રાજ્યમાં પાસપોર્ટ માટે પોલીસ વેરીફિકેશનનો સમયગાળો ૨૩ દિવસથી ઘટાડીને કેટલા દિવસ કરવામાં આવ્યો છે?
(એ) ૧૦ (બી) ૧૫
**(સી) ૧૧** (ડી) ૧૪

# કોઈપણ વર્ગની ઋણમાફીથી પ્રશ્ન ઉકેલી શકાય ?

## જીવન ઉપવન

મહેન્દ્ર એમ ત્રિવેદી

mmtrivedi007@gmail.com

ભારતના લોકોની વૈવિધ્યતા જેટલી છે તેના કરતાં તેઓના સવાલોની વિવિધતા લાખો ગણી જોવા મળે છે. વિવિધતામાં એકતાથી ભારતની છબિ અતિ સુંદર દેખાય છે અને આ વિધાન સાચું તો છે પણ મોર કળા કરે ત્યારે સામેથી જોતાં સૌંદર્ય દેખાય છે પરંતુ એ બધી જ દૃષ્ટિએ સુંદર હોતું નથી. પહાડીઓ ઉપર છવાયેલા બરફમાં ફરવાનું, સરકવાનું બે-ચાર દિવસ જ ગમે. પછી ત્યાંના લોકોની જીવનની મુશ્કેલીઓ જોતાં આપણું મન પણ ભારે થઈ જતું હોય છે. ઐક્ય કોઈ જ પ્રકારના કારણ વિના ઉદ્ભવે, ટકે તો એ ગર્વનો વિષય ગણી શકાય પણ મોટાભાગે ભયથી, લાલચથી, સ્વાર્થથી ઐક્ય થાય તો એ લાંબા ગાળે નુકસાનકારક હોવાનો અહેસાસ થાય છે. લોકોના સંપ્રદાયો જૂદા, માન્યતાઓ જૂદી, રીત-રિવાજો વિવિધ, શ્રદ્ધાસ્થાનકો પણ અલગ-અલગ એટલે આ બધાંમાં એક સૂર નીકળી શકતો નથી. બધાંને ખુશ કરવા જતાં બધાં જ નારાજ થઈ જાય છે. વાસ્તવમાં અર્ધી દુનિયા રોજ વિવિધ પ્રકારની હિંસાથી ત્રસ્ત છે. માનવસમાજને જ માત્ર જાણે કે વિકસવું છે અને યુદ્ધ કે આંતરવિગ્રહને હવે મોટા દેશો ધંધાની દૃષ્ટિએ જોવા લાગ્યા છે એ આઘાતજનક છે. ભારતની આંતરિક સ્થિતિ હાલ ઘણી ગ્લાનિકર્તા જોવા મળે છે. કૃષિક્ષેત્રમાં આપઘાતો વધ્યા છે, અસંગઠિત ક્ષેત્રનાં મજૂરોની સ્થિતિ અતિ ખરાબ છે અને તેમાં કૃષિ ક્ષેત્ર મુખ્ય છે. આ પરિસ્થિતિમાં ઉત્તર પ્રદેશ અને મહારાષ્ટ્ર જેવી સરકાર દેવાનાબૂદી આપી રહી છે. પણ અતિ મહત્ત્વનો સવાલ એ છે કે દેવું નાબૂદ કર્યા પછી ફરીથી કિસાન કે કૃષિ સંલગ્ન વર્ગ દેવામાં નહીં આવે તેવી વ્યવસ્થાનું શું આયોજન કર્યું?



કૃષિ માટેના બે પાયાના સવાલો છે: એક ઉત્પાદન ખર્ચ વધતું જાય છે અને વિપુલ ફસલ આવે ત્યારે ભાવ મળતા નથી. આઝાદી બાદનાં સરકારી આયોજનમાં એક નીતિ તય કરવામાં આવી હતી. લઘુત્તમ ભાવથી સહાય એટલે કૃષિકારો દેવામાં ધકેલાય નહીં, યોગ્ય ખેતમૂલ્ય-ઉત્પાદનનું મૂલ્ય પ્રાપ્ત થાય. મોંઘવારી વધે તેમ-તેમ બિયારણ, ખાતર, જંતુનાશક દવાઓ,મજૂરી ખર્ચ વગેરેમાં પણ વૃધ્ધિ થવાની જ છે. તે રોકી શકાય એમ નથી પરંતુ આ બધાંમાં પ્રબંધન યોગ્ય અને ચુસ્ત થાય તો ખેતીવાડીના ક્ષેત્રમાં રાહત અવશ્ય મળી રહે. સંગ્રહશક્તિમાં વૃધ્ધિ કરવાની ગ્રાસ રૂટ સ્તરે તાતી જરૂરિયાત છે, જેમાં નાબાર્ડ સહાય કરે છે.

ગ્રામ વિકાસના શિર્ષક હેઠળ ઘણી મોટી રકમ બજેટથી પણ ફાળવવામાં આવે છે છતાં અમલીકરણમાં કચાશ હોવાથી નાણાં બરબાદ થઈ જાય અને વિકાસ દેખાતો નથી. કાગળ ઉપરના વિકાસની નહીં પણ વાસ્તવિક વિકાસ ઊભો કરવાની હવે ખૂબ જરૂરત છે. દેવું તો જેણે કર્યું હોય તેને જ ભરપાઈ કરવાનું હોય છતાં માનો કે સરકાર આ દેવું દેવાદાર વતી ચૂકવી દે તો ઉમદા વાત છે પરંતુ દેશની બેન્કિંગ વ્યવસ્થાને જબરી હાનિ પહોંચે છે, એક નહીં પસંદ કરવા જેવો સંદેશ જાય છે કે બહુ કફોડી હાલત થાય તો સરકાર કંઈક કરશે. અર્થાત વસુલાતની પ્રક્રિયામાં મોટી ગડબડી ઊભી થઈ જાય છે અને બેન્કોની આર્થિક શિસ્તમાં ભૂકંપ ઊભો થાય છે. ગામડાઓના બાકીદારો હવે વિજય માલ્યાનું નામ આપી-અપીને કહે છે કે અમારે પણ વસુલાત આપવી નથી. સરકાર હવે માફી કરશે. આ પ્રકારનું વલણ ઊભું થાય છે એ સ્વીકાર્ય નથી. માત્ર અહીં કૃષિની જ વાત નથી, શહેરી નાના-નાના ઉદ્યોગોની કફોડી સ્થિતિ છે પરંતુ તેમની પાસે કોઈ મજબૂત કારણો નથી. એટલે માંદા એકમો બિમાર માણસની જેમ ચાલી રહ્યા છે. મોંઘવારીના દરથી વધુ કમાઈ શકાય તો જ આર્થિક રીતે વિકસવાનો થોડો અહેસાસ થાય છે, બીજી તરફ બચતો ઉપર વ્યાજદર આકર્ષક રહ્યા નથી અને શેર બજારમાં તો જુગારી પ્રવૃત્તિ જેવી ઘટના ચાલતી રહે છે. ગરીબ-પછાત અને અતિ પછાતોને યોજનાઓની માહિતી જ હોતી નથી. આ તબક્કે ભારતમાં તો પ્રશ્નો તો પારાવાર ઊભા છે. સરકાર જ બધું કરે એવું માનવું તે મોટી ભૂલ છે. જરૂરત પ્રશાસનમાં શિસ્ત-કડક અમલીકરણ થાય તે સુનિશ્ચિત કરવાની છે. કાશ્મીર-જમ્મુમાં આપણા વીર જવાનો દેશ માટે શહીદ થઈ રહ્યા છે તો કિસાનો ઘરઆંગણે મરી રહ્યા છે, તેવી હાલતમાં સરકારે હવે આયોજનમાં નવો અભિગમ લાવવાની જરૂર છે. ભ્રષ્ટાચાર નાબૂદ થાય તો બધું આપોઆપ સરકું થઈ જાય તેમ છે. રામમાં માનવું અને હરામમાં જીવવું એ સાથે ચાલી શકે તેમ નથી. લોકો સ્વયંમાંથી બહાર નીકળી અન્ય માટે પણ વિચારે અને જીવે તો ભારત સુખી થઈ શકે તેમ છે.

**શેર આસ્વાદ**

બહુત નાઝ થા મુજે
અપને ચાહનેવાલોં પર
મૈં અઝીઝી થા સબકો
મગર જરૂરતોં કે લિયે

## વાચકોને આમંત્રણ

**'સંવેદના' વિભાગમાં સ્વાનુભવો લખવા**

લેખકો, વાચકોનું પ્રિય અને ગાંધીનગરનું પ્રથમ દૈનિક સમાચારપત્ર 'ગાંધીનગર સમાચાર' ખાસ લખવા માગતા વાચકો માટે સંવેદના વિભાગ શરૂ કરી ચૂક્યું છે અને આ માટે લખવા સૌને આમંત્રણ આપે છે. આ વિભાગ અંતર્ગત દર માસે અલગ-અલગ વિષયો આપવામાં આવશે, જે માટે વાચકોએ લખાણ મોકલવાનું રહેશે. વિભાગ દર સોમવારે પ્રકાશિત કરવામાં આવશે. કોઈપણ વાચક આ લખાણ મોકલી શકે છે, જે તેના નામ સાથે પ્રકાશિત કરાશે. હા, લખાણની લંબાઈ અને એડિટિંગનો અધિકાર અખબાર અબાધિત રાખે છે. વાચકોને વિનંતી છે કે શબ્દોની મર્યાદા ૧૫૦ સુધી રાખવામાં આવે.

આ વખતનો વિષય છે :

**'મારું પ્રિય પુસ્તક'**